# આનંદ છાયો રે...

રણશિંગુ ફૂંકાયું મારા ગુરુ પધાર્યા,
રણશિંગુ ફૂંકાયું ગુરુહરિ પધાર્યા,
રણશિંગુ ફૂંકાયું સાહેબદાદા પધાર્યા,
રુદિયે આનંદ છાયો રે, આનંદ છાયો રે... (2)

હરિવરે સૌના આતમ ઉજાળ્યા,જીવન ધન્ય ભાગ્ય અમારાં,
પ્રગટ્યા પ્રેમના ઝગમગ દીવડા... (2)
પ્રકાશે આંગણિયાં અજવાળ્યાં... (2)
કૃપાનો સિંધુ છલકાયો, આનંદ છાયો રે,
રુદિયે આનંદ છાયો રે, આનંદ છાયો રે... (2)

વારી જાઉં રે.. બલિહારી જાઉં રે... (2)
મારા ગુરુહરિ આંગણ આવ્યા, મેં વારી જાઉં રે...(2)

સર્વેશ્વર છો આપ અમારા,નિત નવાં દર્શન થાય તમારાં,
રંગબેરંગી જીવન બનાવ્યાં,(2)
ગુરુ શરણમાં શાતા પામ્યા...(2)
ભક્તિનો લૂંટીને લ્હાવો, આનંદ છાયો રે,
રુદિયે આનંદ છાયો રે, આનંદ છાયો રે... (2)

રચયિતા : વસંતભાઈ પટેલ
(મોગરી)

# સપાખરું

દિવ્ય જેનો પ્રેમ છે ને આતમનું હેત છે,
નામ જપ સદા જેના મુખે છે રટાય;
ધૂનમાં જો લાગી જાય એકવાર જો એ તો તો,
નક્કી નય ક્યારે જપ પૂરા એના થાય...

સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટ્યા કરે,
સાહેબ છે પ્યારા સૌને હૈયે વસનાર;
ભલે પછી દુનિયા તો આખી ડોલી જાય,
પણ સાહેબ મોજીલા મારા મને વસનાર....

હોઠે છે યોગીજી, હૈયે યોગીજી,
સ્મિતમાં યોગીજી, ધ્યાનમાંયોગીજી...

સંપ સુહૃદભાવ ભાવ એકતાનો નારો લઈ,
ગુરુ ગુણ ગાન કરી થયા ભવપાર;
યુગલ ઉપાસનાનો ગોકીરો કરીને એણે,
જગતમાં નામ કર્યાં ઉજળાં અપાર...

અષ્ટ સખા સંગે ધરમની ધજા લઈ,
ભગવાં હૃદયના સાધુ સરદાર;
કરુણાસભર એવી પ્રેમની મૂરતિ,
આનંદબ્રહ્મના સ્વરૂપ સાકાર...

સ્વામિશ્રીજી ધામ જે, પ્રગટ પ્રમાણ છે,
ધન્ય ગુરુ જે યોગી વારસદાર;
અદભુત જે, અનુપમ તે,
વહાલો મારો છે સૌનો પ્રાણાધાર...